# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-12-2024** **MORNING : 7.45 to 7.55**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

*************************************************

1) ભારતીય અવકાશ સંશોધન સંસ્થા-ISROએ સ્પેડેક્સ મિશન હેઠળ બે ઉપગ્રહોનું સફળ પ્રક્ષેપણ કર્યું
2) ડિજી યાત્રાના ડેટાનો ઉપયોગ કરચોરો સામે કાર્યવાહી માટે કરવામાં આવશે તેવા મીડિયા અહેવાલોને સરકારે ફગાવ્યા
3) કેન્દ્રીય પ્રત્યક્ષ કરવેરા બોર્ડ -સીબીડીટીએ 'વિવાદ સે વિશ્વાસ' યોજનાની સમયમર્યાદા લંબાવીને 31 જાન્યુઆરી, 2025 કરી
4) ભારતીય રેલવે 2025ના મહાકુંભ મેળા દરમિયાન ત્રણ હજાર વિશેષ ટ્રેનો દોડાવશે
5) ઉત્તર ભારતનાં કેટલાંક રાજ્યોમાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડોઃ આગામી બે દિવસ શીતલહેર યથાવત રહેવાની આગાહી
6) ઇથિયોપિયામાં માર્ગ અકસ્માતમાં 71 પ્રવાસીઓનાં મૃત્યુ

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# ISRO SPADEX

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા - ISRO એ ગઈકાલે રાત્રે સ્પેડેક્સ મિશન હેઠળ બે ઉપગ્રહોનું  સફળ પ્રક્ષેપણ કર્યું છે. શ્રી હરીકોટાથી PSLV-C60 રોકેટે સફળતાપૂર્વક SDX-01 અને SDX-02નામના બે ઉપગ્રહોને પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષામાં સફળતાપૂર્વક સ્થાપિત કર્યા છે. આ બંને ઉપગ્રહોને આગામી દસ દિવસમાં અવકાશમાં ડોકિંગના ઉદ્દેશ્યને પૂર્ણ કરવા માટે આગળ વધારવામાં આવશે. સ્પેડેક્સ મિશનનો ઉદ્દેશ સ્પેસ-ડોકિંગ ક્ષમતા માટે અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો છે. જે ચંદ્ર મિશન અને ભારતીય અવકાશ સ્ટેશન જેવા ભવિષ્યના કાર્યક્રમો માટે અત્યંત મહત્વપૂર્ણ છે.

પ્રક્ષેપણ બાદ ઈસરોના અધ્યક્ષ એસ સોમનાથે કહ્યું કે બંને ઉપગ્રહોની પેનલ સફળતાપૂર્વક તૈનાત કરવામાં આવી છે. આગામી થોડા દિવસોમાં, SDX-01, જેને ચેઝર તરીકે અને SDX-02, જેને લક્ષ્ય તરીકે ઓળખવામાં આવે છે તે બંને ઉપગ્રહો 20 કિલોમીટરના પરિભ્રમણ બાદ ડોકિગની પ્રક્રિયા શરૂ કરશે.

. . . . . . . . . . . . . . . .

પુલ કરણ

# RABI-CROPS

કેન્દ્ર સરકારે જણાવ્યું છે કે અત્યાર સુધીમાં 614 લાખ હેક્ટર વિસ્તારમાં રવિ પાકનું વાવેતર કરવામાં આવ્યું છે. કૃષિ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે ગત વર્ષે 313 લાખ હેક્ટર વિસ્તારની સરખામણીમાં 319 લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં ઘઉંના પાકનુ વાવેતર થયુ છે. કઠોળનું વાવેતર 136 લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં જ્યારે બરછટ અનાજનું વાવેતર 48 લાખ 55 હજાર હેક્ટરમાં થયું છે.તો તેલીબિયાંનુ વાવેતર 96 લાખ હેક્ટર વિસ્તારમાં થયુ છે.

. . . . . . . . . . . . . . . .

પુલ કરણ

# IT DEPT - DIGI YATRA

કરચોરી કરનારાઓ પર કાર્યવાહી માટે ડિજી યાત્રાના ડેટાનો ઉપયોગ કરવામાં આવશે તેવા મીડિયા અહેવાલોને સરકારે ફગાવી દીધા છે.

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે ડિજી યાત્રાને લગતા આવા અહેવાલો પાયાવિહોણા અને ખોટા દાવાઓ પર આધારિત છે.ભારતીય કર સત્તાવાળાઓ સાથે ડિજી યાત્રા હેઠળ મુસાફરોના ડેટાની કોઈ વહેંચણી કરવામાં આવતી નથી. દરમિયાન, આવકવેરા વિભાગે પણ સ્પષ્ટતા કરી છે કે વિભાગ દ્વારા આ પ્રકારની કોઈ કાર્યવાહી કરવામાં આવી રહી નથી.

ઉડ્ડયન મંત્રાલયે જણાવ્યું છે કે ડીજી યાત્રા એપ્લિકેશનમા વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતી અને મુસાફરી ઓળખપત્રો ફક્ત વપરાશકર્તાના ઉપકરણ પર સંગ્રહિત થાય છે. જો કોઈ વપરાશકર્તા ડિજી યાત્રા એપને અનઇન્સ્ટોલ કરે, તો ડેટા સંપૂર્ણ રીતે ડિલીટ થઈ જાય છે.

. . . . . . . . . . . . . . . .

પુલ કરણ, નવીન

# CBDT - EXTENSION

કેન્દ્રીય પ્રત્યક્ષ કરવેરા બોર્ડ -સીબીડીટીએ વિવાદ સે વિશ્વાસ યોજનાની સમયમર્યાદા 31 ડિસેમ્બર, 2024 થી વધારીને 31 જાન્યુઆરી, 2025 કરી છે. આ યોજનામાં બાકી રકમ નક્કી કરવા માટે કરદાતાઓને વધારાનો સમય અપાશે. કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે વર્ષ 2024ના બજેટ ભાષણમાં વિવાદ સે વિશ્વાસ યોજનાની જાહેરાત કરી હતી. આ યોજનાનો ઉદ્દેશ્ય કરદાતાઓને આવકવેરા વિભાગ સાથેના વિવાદોને ઉકેલવામાં મદદ કરવાનો છે.

. . . . . . . . . . . . . . . .

પુલ કરણ

# NCW CHENNAI

રાષ્ટ્રીય મહિલા આયોગે જણાવ્યું છે કે આયોગ દ્વારા ચેન્નાઈની અન્ના યુનિવર્સિટીમાં જાતીય શોષણની ઘટનાની સંપૂર્ણ તપાસ હાથ ધરાઇ છે. આયોગે આ કેસની જાતે જ નોંધ લઈ તપાસ માટે એક સમિતિને ચેન્નાઈ મોકલી છે. સમિતિએ ઘટનાની વિગતો જાણવા અને જરૂરી સહાયતા માટે પીડિતા અને તેના સંબંધીઓ સાથે મુલાકાત કરી હતી. આ ઉપરાંત, સમિતિએ ઝડપી કાર્યવાહી સુનિશ્ચિત કરવા તમિલનાડુના રાજ્યપાલ, ગૃહ સચિવ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે પણ બેઠક કરી હતી.

. . . . . . . . . . . . . . . .

પુલ કરણ

# INDIA-NEPAL MILITARY EXERCISE

ભારત-નેપાળ વચ્ચે 18 મી સૂર્ય કિરણ સૈન્ય કવાયત આજથી નેપાળના સાલઝંડી ખાતે શરૂ થશે. ભારતીય સેનાની 11મી ગોરખા રાઈફલ બે સપ્તાહ સુધી ચાલનારી આ કવાયતમાં ભાગ લેશે. આ સંયુક્ત સૈન્ય કવાયતમાં દુર્ગમ ભૌગોલિક વિસ્તારોમાં આતંકવાદનો સામનો, આપત્તિ વ્યવસ્થાપન અને રાહત એકત્રીકરણમાં માનવતાવાદી સહાય, આંતરિક ક્ષમતા નિર્માણ અને પર્યાવરણીય સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરાશે.ઉલ્લેખનીય છે કે આ કવાયતની 17મી આવૃત્તિ ગયા વર્ષે ભારતના પિથોરાગઢમાં યોજાઈ હતી.

. . . . . . . . . . . . . . . .

પુલ કરણ

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલો કરશો.

. . . . . . . . . . . . . . .

ડેસ્ક

# MAHA KUMBH - SPECIAL TRAINS

ભારતીય રેલવે મહા કુંભ મેળો 2025 દરમિયાન ત્રણ હજાર વિશેષ ટ્રેનો દોડાવશે.જેમાંથી 1800 ટ્રેનો ટૂંકા અંતર માટે, 700 ટ્રેન લાંબા અંતર માટે અને 560 ટ્રેનો રિંગ રેલ પર ચલાવવામાં આવશે.

ઉત્તર મધ્ય રેલવેના જનરલ મેનેજર ઉપેન્દ્ર ચંદ્ર જોશીએ પત્રકારોને જણાવ્યું હતું કે પ્રયાગરાજના નવ રેલવે સ્ટેશનો પર 560 ટિકિટિંગ પૉઇન્ટ ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે. આ કાઉન્ટર પરથી દરરોજ લગભગ 10 લાખ ટિકિટનું વિતરણ કરી શકાશે. મહા કુંભ મેળાને ધ્યાનમાં રાખીને રેલ્વેએ હવે 15 દિવસ પહેલા રેલ્વે ટિકિટ આપવાની સુવિધા શરૂ કરી દીધી છે. . ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં 13 જાન્યુઆરીથી 26 ફેબ્રુઆરી સુધી મહા કુંભ યોજાશે

. . . . . . . . . . . . . . . .

પુલ કરણ

# DELHI LG-ATISHI

દિલ્હીના ઉપરાજ્યપાલ વિનય કુમાર સક્સેનાએ દિલ્હીના મુખ્યમંત્રી આતિશીને અસ્થાયી મુખ્યમંત્રી કહેવા બદલ આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલની ટીકા કરી છે.

ઉપરાજ્યપાલે શ્રી કેજરીવાલની ટિપ્પણીને વાંધાજનક ગણાવી હતી. શ્રી સક્સેનાએ સુશ્રી આતિશીને એક પત્ર લખી કહ્યું કે અરવિંદ કેજરીવાલ દ્વારા તેમને અસ્થાયી મુખ્યમંત્રી તરીકે સંબોધવા એ અપમાનજનક છે. મુખ્યમંત્રી આતિશીએ પત્રનો જવાબ આપતા કહ્યું કે તેઓ અરવિંદ કેજરીવાલના બતાવેલા માર્ગ પર સરકાર ચલાવી રહી છે.

. . . . . . . . . . . . . . . .

પુલ કરણ

# IMD - WEATHER

ઉત્તર ભારતના કેટલાક રાજયોમાં તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. જો કે, હવામાન વિભાગે આગામી બે દિવસ જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં ઠંડીનું મોજું ફરી વળવાની આગાહી કરી છે. આજે હરિયાણા અને ચંદીગઢ તેમજ મધ્ય પ્રદેશમાં પણ આવતીકાલ સુધી આવી જ સ્થિતિ રહેશે.

ઓડિશા સહિત પૂર્વોત્તરના રાજ્યોમાં આજે રાતે ગાઢ ધુમ્મસની સ્થિતિ પ્રવર્તે તેવી શક્યતા છે. રાજસ્થાન સહિત ઉત્તર ભારતના વિસ્તારો અને પશ્ચિમ બંગાળના પેટા-હિમાલયન વિસ્તારો અને સિક્કિમમાં પણ 2જી જાન્યુઆરી સુધી આવી જ સ્થિતિની શક્યતા છે. રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર અને તેની આસપાસના વિસ્તારોમાં પણ શીત લહેરોની સ્થિતિ જોવા મળી રહી છે.

. . . . . . . . . . . . . . . .

પુલ કરણ

# ETHIOPIA BOAT TRAGEDY

ઇથિયોપિયામાં ગઈ કાલે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં 71 પ્રવાસીનાં મૃત્યુ થયા છે. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે, એક ટ્રક રસ્તા પરથી પલ્ટી ખાઈને નદીમાં ખાબરતા 68 પુરુષ અને ત્રણ મહિલા પ્રવાસીનાં મૃત્યુ થયા છે.

રાજધાની એડિસ અબાબાથી દક્ષિણમાં 300 કિલોમીટર દૂર સિદામા રાજ્યમાં આ અકસ્માત સર્જાયો હતો.

. . . . . . . . . . . . . . . .

IANS અનિલ

# HOCKEY INDIA LEAGUE

હોકી ઈન્ડિયા લીગમાં, યુપી રુદ્રાસે કલિંગા લેન્સર્સ સામે 3-1થી જીત મેળવી છે. યુપી રુદ્રસના કીપર જેમ્સ મઝારેલોને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયો હતો. આ જીતથી ઉત્તરપ્રદેશની ટીમ સ્પર્ધાના પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચી ગઈ છે. આજે રાઉરકેલા ખાતે દિલ્હી એસજી પાઇપર્સ હૈદરાબાદ તુફાન્સ સાથે રમશે. આ મેચ રાત્રે સવા આઠ વાગ્યે શરૂ થશે.

. . . . . . . . . . . . . . . .

પુલ કરણ

# RUSSIA UKRAINE PRISONERS

રશિયા અને યુક્રેને સંયુક્ત આરબ અમીરાતની મધ્યસ્થી હેઠળ કરાયેલા કરાર મુજબ યુદ્ધ કેદીઓને મુક્ત કર્યા છે.

રશિયાના સંરક્ષણ મંત્રાલયે કહ્યું છે કે રશિયાના 150 સૈનિકોના બદલામાં એટલા જ યુક્રેનિયન સૈનિકોને મુક્ત કર્યા છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકીએ કહ્યું કે યુક્રેનના 189 સૈનિકો પાછા ફર્યા છે. ઉલ્લેખનીય છે કે રશિયન સૈનિકોએ વર્ષ 2022માં સ્નેક આઇલેન્ડ પણ કબજે કરી યુક્રેનિયન સૈનિકોને બંદી બનાવવામાં હતા, પરંતુ પછીથી રશિયન બંધકોના બદલામાં તેમને મુક્ત કરવામાં આવ્યા હતા.

યુક્રેને જણાવ્યું છે કે રશિયાએ યુદ્ધની શરૂઆતથી અત્યાર સુધીમાં થયેલા કરારો હેઠળ સૈનિકો અને નાગરિકો સહિત કુલ 3 હજાર 956 લોકોને મુક્ત કર્યા છે.

. . . . . . . . . . . . . . . .

પુલ કરણ

# US-UKRAINE AID

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેને યુક્રેન માટે 6 અબજ ડોલરની વધારાની સૈન્ય અને બજેટ સહાયની જાહેરાત કરી છે. સૈન્ય સહાય માટે અઢી અબજ ડોલર અને અંદાજે સાડા ત્રણ અબજ ડોલર બજેટ સહાય માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. અમેરિકા પહેલાથી જ યુક્રેનને લગભગ અઢી અબજ ડોલરની મદદ કરી ચૂક્યું છે. એક નિવેદનમાં, રાષ્ટ્રપતિ જો બિડેને કહ્યું કે નવી સહાય યુક્રેનને તેની ક્ષમતાઓને વધારવાની મંજૂરી આપે છે.

. . . . . . . . . . . . . . . .

પુલ કરણ

## હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે રિદ્ધિ ઉંધાડ

- આજના અખબારોએ વિવિધ સમાચારોને હેડલાઈનમાં સ્થાન આપ્યું છે.
- નીતિશ ડામાડોળ સ્થિતિમાં- એનડીએ કે ઈન્ડિયા આ સમાચાર ગુજરાત સમાચારનું મુખ્ય શિર્ષક છે. તે તેલંગાણાનાં સીએમ રેવંથ રેડ્ડી સામે સૌથી વધુ 89 કેસના સમાચારને સંદેશ અખબારે પ્રથમ પાનામાં પર સ્થાન આપ્યું છે.
- ફૂલછાબ અને દિવ્ય ભાસ્કરે પંજાબમાં ખેડૂતોના આંદોલનના સમાચાર પ્રકાશિત કર્યા છે. દિવ્ય ભાસ્કરે 2024ના છેલ્લા દિવસની પૂર્વ રાત્રીએ લોન્ચિંગ ઈસરોનું સ્પેડેક્સ મિશન લોન્ચ: દેશનું સ્પેશ સ્ટેશન બનાવવાનો માર્ગ મોકળો
- ભાજપના 14 સીએમ પાસે 457 કરોડની સંપતિ, ભૂપેન્દ્રભાઈ પાસે 8 કરોડ રૂપિયા, નાયડુ પાસે 931 કરોડ રૂપિયા અને મમતાના ખાતામાં 15 લાખ રૂપિયાના સમાચારને પણ મુખ્ય શિર્ષક તરીકે સ્થાન આપ્યું છે.
- નવગુજરાત સમયે ધુમ્મસ, કડકડતી ઠંડીમાં નવા વર્ષની ઉજવણી ઠૂંઠવાશે અને ફૂડ બિઝનેસમાંથી અદાણીની એક્ઝિટ- વિલ્મરમાં સંપૂર્ણ હિસ્સો વેચીને 17 હજાર કરોડ મેળવશેના શીર્ષક સાથે સમાચાર પ્રકાશિત કર્યા છે
- 31 ડિસેમ્બર અને નવા વર્ષના આગમનની ઉજવણી લોકો હર્ષોલ્લાસ સાથે કરી શકે તે માટે રાજ્યની પોલીસ સતર્ક બની છે, ખેતી જમીન રિ- સર્વે સામે વાંધાની મુદત ડિસેમ્બર 2025 સુધી લંબાવાઈ અને બીઝેડ કૌંભાડનો સૂત્રધાર ભૂપેન્દ્ર ઝાલાના સમાચાર પ્રકાશીત કર્યા છે.
- સંદેશ અને ફૂલછાબે પહેલા પાના પર રાહુલ ગાંધીના સમાચાર પ્રકાશિત કર્યા છે. સંદેશ લખે છે શોક છતાં રાહુલ વિયેતનામ ગયા- ભાજપ તમને શું તકલીફ છે ? કોંગ્રેસનો જવાબ. તો ફુલછાબ લખે છે કે દેશમાં શોક વચ્ચે રાહુલ ન્યૂયરની ઉજવણી માટે વિદેશ ચાલ્યા ગયા ?